મહુવાના MLAએ વિધાનસભામાં બારડોલીના બ્રિજનો મુદ્દો ઉઠાવ્યો

20મી પછી લોકાર્પણ કરવામાં આવનાર હોવાનું વિધાનસભામાં નાણાંમંત્રીએ જણાવ્યું

બારડોલી: ગુજરાત વિધાનસભાના ચાલુ સત્રમાં એક રસપ્રદ કિસ્સો સામે આવ્યો છે. સામાન્ય રીતે ધારાસભ્યો પોતાના મતવિસ્તારના પ્રશ્નો રજૂ કરતા હોય છે, પરંતુ મહુવા ના ધારાસભ્ય મોહન ધોડિયાએ પાડોશી મતક્ષેત્ર બારડોલીના 'અસ્તાન રેલવે ઓવરબ્રિજ'નો મુદ્દો ઉઠાવતા રાજકીય ગલિયારાઓમાં અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે.

વિધાનસભામાં નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ સમક્ષ રજૂઆત કરતાં મોહન ધોડિયાએ સવાલ કર્યો હતો કે, અસ્તાન ફાટક પર બ્રિજનું કામ સંપૂર્ણ રીતે પૂર્ણ થઈ ગયું હોવા છતાં તેને જનતા માટે કેમ ખુલ્લો મૂકવામાં આવતો નથી? આ વિલંબને કારણે સ્થાનિકોને પડતી હાલાકી અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. જેના જવાબમાં નાણાંમંત્રીએ હળવા અંદાજમાં જણાવ્યું હતું કે, તમે તારીખ આપો એટલે તૈયાર, અને આગામી ૨૦મી તારીખ પછી બ્રિજ ખુલ્લો મૂકવા જણાવ્યું હતું. જો કે, આ રજૂઆત બાદ સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. બારડોલીના પ્રશ્નોમાં મહુવાના ધારાસભ્યના રસને કારણે સ્થાનિક રાજકારણમાં ગણગણાટ શરૂ થયો છે. લોકો પૂછી રહ્યા છે કે શું મહુવા વિસ્તારમાં તમામ પ્રશ્નો ઉકેલાઈ ગયા છે કે ધારાસભ્યએ અન્ય વિસ્તારનાં કામોમાં રસ લેવો પડ્યો?

સ્થાનિક વહીવટી તંત્ર અને ગેસ એજન્સીઓ દોડતી થઈ ગઈ

કડોદરામાં ગેસ એજન્સીઓ પર ગ્રાહકોની કતાર, તંત્રને ટેન્શન

પલસાણા: ખાડી વિસ્તારમાં ચાલી રહેલા સંઘર્ષના પગલે રાંધણ ગેસની અછત સર્જાશે તેવી ઊડેલી અફવાઓએ દક્ષિણ ગુજરાતના કડોદરા વિસ્તારમાં ભારે ગભરાટ ફેલાવ્યો છે. ગત રોજ અફવાઓને વશ થઈને સેંકડો લોકો ગેસ સિલિન્ડર મેળવવા માટે રસ્તા પર ઊતરી આવ્યા હતા, જેના કારણે સ્થાનિક વહીવટી તંત્ર અને ગેસ એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી.

કડોદરા સ્થિત સ્વાગત કોમ્પ્લેક્સમાં આવેલી ગેસ એજન્સી પર વહેલી સવારથી જ અસાધારણ ભીડ ઊમટી પડી હતી. અંદાજે 500થી વધુ મહિલાઓ, વૃદ્ધો અને યુવાનો ખાલી સિલિન્ડર લઈને લાંબી કતારોમાં ઊભા રહી ગયા હતા. ભવિષ્યમાં ગેસ નહીં મળે તેવી આશંકાએ લોકોમાં એટલો ડર હતો કે વ્યવસ્થા જાળવવી મુશ્કેલ બની ગઈ હતી અને થોડીવાર માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમો દ્વારા ફેલાયેલી ખોટી માહિતીને કારણે લોકોમાં 'પેનિક બાયિંગ' જોવા મળી હતી. જો કે, ગેસ પુરવઠા અંગે કોઈ પણ સત્તાવાર તંગીની જાહેરાત કરવામાં આવી નથી. વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પાયાવિહોણી અફવાઓ પર વિશ્વાસ ન કરે. અકારણ ભીડ કરવાથી ખરેખર જરૂરિયાત ધરાવતા ગ્રાહકોને મુશ્કેલી પડી શકે છે. હાલમાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે, પરંતુ અફવાઓના કારણે સામાન્ય જનજીવનમાં ગભરાટ ચોક્કસપણે જોવા મળ્યો હતો.

બારડોલી પંથકમાં ગેસ સિલિન્ડર માટે લાઇન લાગી, વાહનચાલકો હેરાન

બારડોલી: અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને પગલે પેટ્રોલિયમ પેદાશોની અછત સર્જાવાની શક્યતાઓને લઈ રાંધણ ગેસના સિલિન્ડર માટે પડાપડી થઈ રહી છે. બારડોલી સહિત સમગ્ર સુરત જિલ્લામાં ગેસ એજન્સીઓ પર સવારથી જ ગેસ સિલિન્ડર ધારકોની લાંબી કતારો જોવા મળી રહી છે. તંત્ર દ્વારા પણ ગેસ પુરવઠો પૂરતો હોવા અંગે વારંવાર જાહેરાત કરવામાં આવી રહી છે તેમ છતાં લોકો મોટી સંખ્યામાં ગેસ સિલિન્ડર લેવા માટે ઊમટી રહ્યા છે. બારડોલીના સ્ટેશન રોડ પર આવેલ ગેસ એજન્સી પર સવારથી લોકોની લાઇન લાગી જતાં વાહન ચાલકો પણ હેરાન થઈ રહ્યા છે. લોકોની કતાર રસ્તા પર આવી જતાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ રહી હતી. ત્યારે તંત્ર દ્વારા આ મામલે દરેક ગેસ એજન્સી પર જઈને લોકોને સમજાવવી હાઉ ન ઊભો કરવા અંગે સૂચના આપવામાં આવે તે જરૂરી બની ગયું છે.

સંક્ષિપ્ત સમાચાર

માંડવી ખાતે પોલીસ લોક દરબાર યોજાયો

માંડવી: માંડવી પોલીસ સ્ટેશન ખાતે સુરત ગ્રામ્યના એસ.પી. રાજેશ ગઢિયાની અધ્યક્ષતામાં વાર્ષિક ઇન્સ્પેક્શન યોજાયું હતું. આ અવસરે પોલીસ કર્મચારીઓ સાથે લોક દરબાર યોજી તેમના પ્રશ્નો અને રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઇન્સ્પેક્શન દરમિયાન માંડવી વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક અક્ષેશ એન્જિનિયર તથા માંડવી પોલીસ સ્ટેશનના પીઆઈ સી.બી.ચૌહાણ અને તેમની ટીમની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ લોકોની સુરક્ષા માટે પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવતી કામગીરી અંગે એસ.પી. દ્વારા સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથે સાથે માંડવી પોલીસ તંત્રની કામગીરી અંગે લોકોનો પ્રતિસાદ પણ મેળવવામાં આવ્યો હતો.

કાની ગામ પાસે કાર ખાડામાં ખાબકતા યુવકનું મોત

અનાવલ: મહુવા પોલીસ મથક હેઠળના કાની ગામની સીમમાં ગત રાત્રે કાર ખાડામાં પડતાં એકનું મોત થયું હતું. બારડોલીના વડોલી ગામના મંદિર ફળિયામાં રહેતા ૩૪ વર્ષીય નીરવભાઈ બળવંતભાઇ મિસ્ત્રી પોતાની ઇનોવા કાર નં.(GJ-05-JB-5191) લઈને જઈ રહ્યા હતા. ત્યારે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર રોડ સાઈડના ખાડામાં પલટી ગઈ હતી. આ અકસ્માતમાં નીરવભાઈને માથા અને કપાળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને મહુવા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બનાવમાં મૃતકના બનેવી કેતનભાઈ પટેલે આ અંગે મહુવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં હેડ કોન્સ્ટેબલ દિવ્યેશકુમારે વધુ તપાસ હાથ ધરી છે..

બગુમરાના સિલ્વર પ્લાઝામાં હુમલાની ઘટનાનો એક આરોપી ઝડપાયો

પલસાણા: બગુમરામાં સિલ્વર પ્લાઝાના પાર્કિંગમાં ગત ૨૮ ફેબ્રુઆરીએ જૂની અદાવતમાં થયેલી મારામારી અને ચપ્પુ વડે હુમલો કરવાના મામલે પલસાણા પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. બાતમીના આધારે પોલીસે દસ્તાન ગામે રહેતા પીયૂષ ઉર્ફે સમુસા રામેશ્વર રાયને ઝડપી પાડ્યો છે. આ કેસમાં અન્ય બે શખ્સ હજુ ફરાર છે. પોલીસે આરોપી પાસેથી મોબાઈલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી છે.

કામરેજ ચાર રસ્તાની સિદ્ધાર્થ લો કોલેજના ત્રણ વિદ્યાર્થી જજ બન્યા

કામરેજ: કામરેજ ચાર રસ્તાની પ્રતિષ્ઠિત સિદ્ધાર્થ લો કોલેજના ત્રણ તેજસ્વી વિદ્યાર્થી મનોજ દવે, સુહાગ બેલડિયા અને રવિ ઘોઘારીની સિવિલ જજ અને JMFC તરીકે વરણી થતાં સંસ્થાએ ગૌરવ અનુભવ્યું છે. સ્વ.વિનુભાઈ ભૈરવીયા (ભૂતપૂર્વ જજ, બોમ્બે હાઈકોર્ટ) દ્વારા સ્થાપિત આ કોલેજે અત્યાર સુધીમાં ન્યાયતંત્રને ૨૨ જેટલા જજ આપ્યા છે. ડો.બી.આર.આંબેડકર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આ સંસ્થાના ટ્રસ્ટીઓ અને ઈનચાર્જ આચાર્યા ડો.યોગિનીબેન વાઘેલાએ નિયુક્તિ પામેલા ત્રણેય વિદ્યાર્થીને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. ગ્રામીણ વિસ્તારમાં કાનૂની શિક્ષણનો વ્યાપ વધારતી આ કોલેજના અનેક વિદ્યાર્થીઓ આજે સરકારી વકીલ અને લો ઓફિસર તરીકે સફળ સેવા આપી રહ્યા છે.

કડોદરા નગરપાલિકા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

પલસાણા: કડોદરા નગરપાલિકા ખાતે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કડોદરા નગરપાલિકા વિસ્તારમાં 7 વોર્ડ તેમજ આસપાસના રહેવાસીઓ માટે આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આધાર કાર્ડ અને રેશન કાર્ડમાં સુધારા-વધારા, આયુષ્માન કાર્ડ, તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા દિવ્યાંગ કલ્યાણકારી યોજનાઓ દિવ્યાંગ બસ પાસ, દિવ્યાંગ સાધન સહાય, દિવ્યાંગ લગ્ન સહાય, મનોદિવ્યાંગ પેન્શન યોજના, સંત સુરદાસ પેન્શન યોજના, નેશનલ ડિસેબિલિટી પેન્શન યોજના, યુ.ડી.આઈ.ડી. રજીસ્ટ્રેશન, નિરામયા હેલ્થ ઇન્શ્યોરન્સ સહિત કુલ અંદાજે 56 જેટલી સેવાઓનો લાભ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. કાર્યક્રમનું દીપ પ્રજ્જ્વલન કડોદરા નગરપાલિકાના પ્રમુખ નારાયણીદેવી શર્માના હસ્તે થયું હતું. આ પ્રસંગે કારોબારી સમિતિના ચેરમેન ચીફ ઓફિસર પ્રણવ ચૌધરી તેમજ નગરપાલિકાના તમામ ચુંટાયેલા સભ્યો, કર્મચારીઓ અને સ્થાનિક વહીવટી તંત્રના અધિકારીઓ હાજર રહ્યા હતા.

વાંકલમાં કોબ્રા સાપનું રેસ્ક્યુ કરાયું

વાંકલ: વાંકલના ગામીત ફળિયામાં રહેતાં સંગીતાબેન ગામીતના ઘરમાં જલાઉ લાકડાંમાંથી કોબ્રા સાપનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. વાંકલ વન વિભાગ ટીમે કોબ્રાને જંગલમાં છોડવાની તજવીજ હાથ ધરી છે.

ભરૂચમાં હોસ્પિટલના પાર્કિંગમાંથી મોપેડ ચોરાઈ

ભરૂચ: ભરૂચ પાંચબત્તી વિસ્તારની ડિવાઇન હોસ્પિટલના પાર્કિંગમાંથી મોપેડ નં.(GJ-16-CG-2282) ચોરાયાની ઘટના બની છે. નિવૃત્ત નાગરિક ચેતનકુમાર મોદીની પુત્રી હોસ્પિટલ ફરજ પર ગઈ ત્યારે આ ચોરી થઈ હતી. વ્યાપક શોધખોળ બાદ વાહન ન મળતાં આખરે ભરૂચ શહેર 'એ' ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભરૂચ પોલીસે 16 વર્ષ બાદ ચંદન ચોરને રાજસ્થાનથી ઝડપી પાડ્યો

ભરૂચ: ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં 16 વર્ષ જૂના ચંદન ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી પિન્ટુ ખટીકને પેટ્રોલ ફર્લો સ્કવોડ ભરૂચની ટીમે રાજસ્થાનના ચિત્તોડગઢના નિકુંભમાંથી ઝડપી પાડ્યો છે. આ આરોપી છેલ્લા સોળ વર્ષથી પોલીસને ચકમો આપીને ફરાર હતો.

રાજપારડીની શાળામાં બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થિનીની તબિયત લથડી

ભરૂચ: ઝઘડિયાના રાજપારડી ખાતે આવેલી ડી.પી.શાહ વિદ્યામંદિર સ્કૂલમાં હાલ બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે, જ્યાં શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે તે માટે હોમગાર્ડઝના જવાનોને બંદોબસ્ત માટે તૈનાત કરવામાં આવ્યા છે. આ પરીક્ષા દરમિયાન એક વિદ્યાર્થીનીની અચાનક તબિયત બગડતાં સ્કૂલ પરિસરમાં ભારે ચિંતાનો માહોલ સર્જાયો હતો. આ કટોકટીની પળે ફરજ પર હાજર ભાલોદ હોમગાર્ડઝ યુનિટના કમાન્ડન્ટ એસ.એસ. વસાવા તથા હોમગાર્ડઝ જવાન એસ.ટી.ભટ્ટ તાત્કાલિક મદદ માટે આગળ આવ્યા હતા. બંને જવાનોએ સહેજ પણ સમય બગાડ્યા વિના વિદ્યાર્થીનીને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે પહોંચાડવામાં મહત્ત્વપૂર્ણ કામગીરી બજાવી હતી. તેમની આ સમયસરની સહાયને કારણે વિદ્યાર્થિનીને ઝડપથી તબીબી સારવાર મળી શકી હતી અને હાલ તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

વાલિયાની ગ્રીન વિલા સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા

ભરૂચ: વાલિયા નગરમાં આવેલી ગ્રીન વિલા સોસાયટીમાં તસ્કરોના ટોળકીએ ત્રાટક્યા હતા. તસ્કરોએ સૌપ્રથમ એક મકાનમાં પ્રવેશ કરી ત્યાંથી સોના-ચાંદીનાં ઘરેણાં અને રોકડા મળીને અંદાજે રૂ.1 લાખથી વધુનો મુદ્દામાલ ચોરી કરી ગયા હતા. જો કે, અન્ય બે મકાનોમાં તેમને કંઈ હાથ ન લાગતાં તેઓ ખાલી હાથે પરત ફર્યા હતા. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.

વહુ માટે સાસુનું 'સ્પેશિયલ ટિફિન' મહેનત કરી વહુ પીએસઆઈ બની!

માંડવીની દીકરી ઉર્વશી ચૌધરીએ સાસરીમાં રહી મેળવી અભૂતપૂર્વ સિદ્ધિ

બારડોલીની નાની ભટલાવ લાઈબ્રેરીમાં તૈયારી કરી પીએસઆઇની પરીક્ષા પાસ કરી

વનરક્ષક બનવાનું સપનું તૂટ્યું, પણ હવે PSI તરીકે બે સ્ટાર સાથે પોલીસ બેડામાં જોડાશે

બારડોલી: જીવનમાં જ્યારે એક દરવાજો બંધ થાય છે ત્યારે મહેનતુ વ્યક્તિ માટે બીજા અનેક સફળતાનાં દ્વાર ખૂલતા હોય છે. આ વાતને સાર્થક કરી બતાવી છે ઉર્વશી ચૌધરીએ. તાજેતરમાં જાહેર થયેલા પોલીસ સબ ઇન્સ્પેક્ટરના પરિણામમાં ઉર્વશીએ સમગ્ર ગુજરાતમાં ST કેટેગરીમાં હતાં. પરંતુ એ જ ક્ષણે તેમણે સંકલ્પ કર્યો હતો કે હવે એક સ્ટાર નહીં પણ ખભા પર બે સ્ટાર લગાવીને જ જંપીશ. આ જિદ આજે હકીકતમાં ફેરવાઈ છે. સફળતાના પાયામાં નાની ભટલાવના સરપંચ અંકિત ચૌધરીના માર્ગદર્શન હેઠળ ચાલતી લાઈબ્રેરી અને ગ્રાઉન્ડ પ્રેક્ટિસનો મોટો ફાળો રહ્યો છે. લગ્ન બાદ પણ પિયર અને સાસરી પક્ષના અવિરત સહકારને કારણે તેઓ આ સિદ્ધિ મેળવી શક્યાં છે. ખાસ કરીને તેમના સાસુ દરરોજ પ્રેમથી ટિફિન બનાવી આપતાં, જેથી ઉર્વશીબેન લાઈબ્રેરીમાં સતત 8થી 10 કલાક વાંચન પર ધ્યાન કેન્દ્રીત કરી શકતાં હતાં. PSI બનતા પહેલા ઉર્વશીએ CCE પરીક્ષા પાસ કરી રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં નોકરી મેળવી હતી, અને હાલમાં તેઓ ત્યાં કાર્યરત છે. સાથે જ કોન્સ્ટેબલ અને રેલવે પોલીસની લેખિત પરીક્ષામાં પણ સફળતા મેળવી હતી. ટ્રેનિંગના કારણે રેલવે પોલીસની ફિઝિકલ ટેસ્ટ ન આપી શકનાર ઉર્વશીએ અંતે પોતાનું PSI બનવાનું સપનું સાકાર કર્યું છે. તેમની આ સિદ્ધિ અન્ય પરિણીત મહિલાઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે પ્રેરણાસ્ત્રોત બની છે. ટૂંક સમયમાં તેઓ ગુજરાત પોલીસનો ભાગ બનશે. તેમણે આ તબક્કે નાની ભટલાવ ગામના સરપંચનો ખાસ આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે, વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીથી લઈને પરીક્ષા આપવા કેન્દ્ર પર જાય ત્યાં સુધીની તમામ સગવડ સરપંચ દ્વારા પૂરી પાડવામાં આવે છે. અને તેમના કારણે જ આજે 80 જેટલા વિદ્યાર્થીઓએ સરકારી નોકરી મેળવવામાં સફળતા મેળવી છે.

કઠવાડા માર્ગ પર 'મોતનો કૂવો' તૈયાર: વાહન ચાલકોની કસોટી!

62 લાખના ખર્ચે માર્ગ બનાવતી વખતે માર્ગ નીચે પાણીની લાઈન બાબતે કોન્ટ્રાક્ટરનું ધ્યાન કેમ ન ગયું? તપાસનો વિષય

ઈબ્રાહીમ કાનુ

હથોડા: હથોડાથી કઠવાડા થઈને કોસંબા અવરજવર માટે જનતાની વર્ષો જૂની માંગણીને ધ્યાને રાખી 62 લાખના ખર્ચે આ માર્ગ બનાવવામાં આવ્યો હતો. જો કે, માત્ર બે વર્ષ પહેલાં બનેલો આ માર્ગ અત્યારથી જ ઠેર ઠેર બિસ્માર બન્યો છે. માર્ગ પર સર્જાયેલા ખાડાઓ વચ્ચે કઠવાડા ગામની ભાગોળે એક ગંભીર સમસ્યા ઊભી થઈ છે. માર્ગ નીચેથી પસાર થતી પાણીની લાઈનમાં લીકેજ થતાં છેલ્લા કેટલાક દિવસોથી રસ્તા પર પાણી વહી રહ્યું હતું. તંત્ર દ્વારા આ લાઈન રિપેર કરવા માટે ખાડો તો ખોદવામાં આવ્યો, પરંતુ સમારકામ બાદ તેને યોગ્ય રીતે પૂરવાને બદલે માત્ર લાલ ઝંડી લગાવી 'બિનવારસી' હાલતમાં છોડી દેવાયો છે.

આ માર્ગ 24 કલાક વાહનોથી ધમધમતો રહે છે. ખાસ કરીને નજીકમાં આવેલી સત્યમ ઇન્ડસ્ટ્રિઝનાં ભારે લોડિંગ વાહનો અહીંથી સતત પસાર થાય છે. રાત્રિના અંધારામાં જો કોઈ વાહનચાલક આ ઊંડા ખાડામાં ખાબકશે, તો મોટી જાનહાનિ કે ગંભીર અકસ્માત સર્જાવાની દહેશત છે. હાલ વાહનચાલકો જીવના જોખમે અહીંથી પસાર થઈ રહ્યા છે. સ્થાનિકોની માંગ છે કે કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલા તંત્ર જાગે અને આ ખાડો વ્યવસ્થિત રીતે પૂરી દે.

જ્યારે લાખોના ખર્ચે આ નવો માર્ગ બનાવાયો ત્યારે રોડ નીચેથી પસાર થતી પાણીની લાઈન બાબતે કોન્ટ્રાક્ટરે કેમ ધ્યાન ન આપ્યું? નજીકની ફેક્ટરીનાં ઓવરલોડ વાહનો આ માર્ગ પરથી પસાર થવાના છે તે જાણતા હોવા છતાં લાઈનનું યોગ્ય આયોજન ન કરવું એ કોન્ટ્રાક્ટરની શંકાસ્પદ કામગીરી દર્શાવે છે. આ બાબત અત્યારે જનતામાં ચર્ચાનો વિષય બની છે. ત્યારે તંત્ર તાત્કાલિક ખાડાઓનું સમારકામ કરે એ જરૂરી છે.

આજે બારડોલી નગરપાલિકાના શાસકોની અંતિમ સામાન્ય સભા યોજાશે

TP સ્કીમ નં.3 સહિતના મહત્ત્વના મુદ્દાઓ પર મહોર લાગશે

અંતિમ બેઠક હોવાથી રાજકીય અને વહીવટી આલમમાં ભારે ઉત્સુકતા

બારડોલી: બારડોલી નગરપાલિકાના વર્તમાન શાસકોની મુદત પૂર્ણ થવાની હોય પાલિકાની છેલ્લી સામાન્ય સભા આવતીકાલે એટલે કે શુક્રવાર, ૧૩ માર્ચ-૨૦૨૬ના રોજ બપોરે ૪ કલાકે પાલિકાના સભાખંડમાં યોજાશે. પ્રમુખ ધર્મેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળનારી આ સભામાં શહેરનાં વિકાસલક્ષી વિવિધ કામો અને નીતિવિષયક નિર્ણયો લેવામાં આવશે.

આ સભાના એજન્ડામાં સૌથી મહત્ત્વનો મુદ્દો ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૩ અંગેનો છે. આ સ્કીમની કામચલાઉ પુનઃરચના અને એવોર્ડ પહેલાની દરખાસ્તો પર ચર્ચા કરી આખરી નિર્ણય લેવામાં આવશે, જેના પર સમગ્ર શહેરની નજર ટકેલી છે. આ ઉપરાંત આઉટગ્રોથ વિસ્તારના વિકાસનાં કામો અને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના પ્રકલ્પોને પણ મંજૂરી આપવામાં આવશે. નોંધનીય છે કે, આ સામાન્ય સભા વર્તમાન શાસકોની છેલ્લી સભા છે. આ સભાની પૂર્ણાહુતિ બાદ નગરપાલિકાની વહીવટી ધૂરા બારડોલી પ્રાંત અધિકારી (વહીવટદાર) સંભાળશે. શાસકોના કાર્યકાળની આ અંતિમ બેઠક હોવાથી રાજકીય અને વહીવટી આલમમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

વાલોડમાં ભૂમાફિયા અધિકારીઓને જ ધમકી આપી વાહન લઈ પલાયન

ભૂસ્તર વિભાગની ઢીલી નીતિને પગલે તેમને કોઈનો ડર રહ્યો નથી

વાલોડ: વાલોડ પંથકમાં ભૂમાફિયાઓ બન્યા બેફામ ખુદ અધિકારીઓને જ ધમકી આપી રહ્યા છે. આ વિસ્તારમાં રોયલ્ટી વિના જ માટીનું બેરોકટોક વહન કરવામાં આવી રહ્યું છે. જે અંગે અનેકવાર ભૂસ્તર વિભાગમાં સ્થાનિકો દ્વારા રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતાં આખરે ભૂમાફિયાઓને કોઈનો ડર રહ્યો નથી અને ફાવતું મળી ગયુ છે.

વાલોડ તાલુકો ભૂમાફિયાઓને જાણે માફક આવી રહ્યો છે. બેરોકટોક આડેધડ આ વિસ્તારમાંથી માટી ઉલેચવાનું મસમોટું કૌભાંડ ચાલી રહ્યું છે. જાણે તેઓને અધિકારીઓની કોઈ બીક જ નથી, તો બીજી તરફ મોટા પ્રમાણમાં માટી ઉલેચાઈ રહી છે એ વાતની જાણ અધિકારીઓને ન હોય એ વાત લોકોને ગળે ઊતરતી નથી. સ્થાનિકોમાં ચાલી રહેલ ચર્ચા મુજબ આ કાળા કારોબારમાં કેટલાક અધિકારીઓ પણ સામેલ હોય તો જ આ વેપલો આ વિસ્તારમાં ફૂલ્યોફાલ્યો છે એમાં બેમત નથી. બુધવારના રોજ વાલોડના બુહારીથી દાદરીયા ગામ તરફ જતાં માર્ગ ઉપર તાપી જિલ્લા ભૂસ્તર વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટર ધર્મેશ રમેશભાઈ ઓડ (રહે., સંયમ સંસ્કૃતિ સોસાયટી, તાડકૂવા, વ્યારા) એ તેમની ટીમ સાથે એક માટી ભરેલા ટ્રેક્ટરના ચાલકને અટકાવ્યો હતો. જે ટ્રેક્ટરમાં રોયલ્ટી પાસ વગરની માટી ભરેલી હતી. અધિકારીઓએ તપાસ કરતાં નંબર પ્લેટ વગરના ટ્રેક્ટરનો ચાલક તેમજ તેની સાથે આવેલો એક અજાણ્યો ટોપી પહેરેલો શખ્સ જેની ઉંમર આશરે 35થી 40 વર્ષનો હોય, જેણે ભૂસ્તર વિભાગના અધિકારીઓ સાથે અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું અને બળજબરી પૂર્વક ટ્રેક્ટર પર ચઢી જઈ ટ્રેક્ટર ચાલુ કરી દીધું હતું. અધિકારીઓએ તેને રોકવાનો પ્રયાસ કરતાં આ બંને અજાણ્યા શખ્સોએ અધિકારીઓને ધમકી આપી હતી કે બીજી વખત આવશો તો તમારા ઉપર ટ્રેક્ટર ચઢાવી મારી નાંખીશ તેમ કહી આ બંને શખ્સ એકબીજાની મદદગારી કરી સરકારી કર્મચારીઓની ફરજમાં રૂકાવટ ઊભી કરી હતી અને ટ્રેક્ટર લઈ ભાગી છૂટ્યા હતા. આ બનાવ અંગે ધર્મેશ ઓડે આ બંને અજાણ્યા શખ્સ વિરુદ્ધ વાલોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે ભૂસ્તર વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટર ધર્મેશ ઓડે જણાવ્યું હતું કે, અમે એક જ ટ્રેક્ટર અટકાવ્યું હતું. જ્યાં ટ્રેક્ટરનો ડ્રાઈવર અને બીજો એક વ્યક્તિ ત્યાં આવી ટ્રેક્ટર લઈ ગયો છે. જેને અમે ઓળખતા નથી અને આ અંગે અમે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

એનામાં કતલના ઈરાદે લઈ જવાતી ૯ ભેંસને બચાવાઈ

પલસાણા: પલસાણાના એના ગામની સીમમાં ભારતમાલા એક્સપ્રેસ-વે પરથી પોલીસે બાતમીના આધારે પશુઓને ક્રૂરતાપૂર્વક ભરીને લઈ જતું એક કન્ટેનર ઝડપી પાડ્યું છે. આ કામગીરી દરમિયાન પોલીસે ૯ ભેંસને બચાવી કુલ ૫,૩૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પલસાણા પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ અશ્વિનભાઈ ધનાભાઈ અને તેમની ટીમ ગંગાધરા આઉટ પોસ્ટ પર ફરજ પર હતા, ત્યારે તેમને બાતમી મળી હતી કે એક કન્ટેનર નં.(GJ-11-VV-7003) પશુઓ ભરીને મુંબઈ તરફ જનાર છે. બાતમીના આધારે એના ટોલ નાકા પાસે વોચ ગોઠવીને પોલીસે શંકાસ્પદ ટ્રકને અટકાવી હતી.

પોલીસે ઘટના સ્થળેથી કુલ ૯ ભેંસ કબજે કરી હતી. જેની કિંમત ૧,૩૫,૦૦૦ અંકાય છે. આ મામલે પોલીસે ટ્રક ચાલક અજયભાઈ શૈલેષભાઈ અમરાભાઈ સરસીયા અને ક્લીનર પીયૂષભાઈ ભરતભાઈ મોહનભાઈ ઘોયલની ધરપકડ કરી છે, જ્યારે પશુઓ ભરાવનાર માણાવદરના મુન્નાભાઈ રબારીને વોન્ટેડ જાહેર કર્યો છે. આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે ૪ લાખની કિંમતનો ટ્રક અને પશુઓ મળી કુલ મુદ્દામાલ કબજે કર્યો છે અને આ કેસની વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર અજયપાલસિંહ રાઉલજી ચલાવી રહ્યા છે.

મસાડ ગામે ખેડૂતના ઘરેથી 36,000ના ડાયનેમોની ચોરી

બારડોલી: બારડોલીના ક્રિષ્નાનગર ખાતે રહતા ઉમેશભાઈ છીબાભાઈ પટેલ (ઉ.વ. 67) મસાડમાં ખેતીની જમીન સંભાળે છે. તેમણે વર્ષ 2018માં સિંચાઈના કામ માટે 'સી.જી. બ્રાન્ડ' કંપનીનો 10 KVA થ્રી-ફેઝ ડાયનેમો અલ્ટરનેટર સેટ ખરીદ્યો હતો. આ સેટ તેમના મસાડ સ્થિત ઘરના પતરાના શેડ વાળી પજારીમાં ચેસીસ સાથે જોડેલી હાલતમાં મુકાયેલો હતો. ગત તા.6 માર્ચે સાંજે 5 વાગ્યાથી તા.9 માર્ચે સવારે 8:30 વાગ્યા દરમિયાન આ ચોરીની ઘટના બની હતી. ફરિયાદી જ્યારે 9મી તારીખે સવારે પોતાના ખેતરે ગયા ત્યારે તેમને પજારીમાં મૂકેલ ડાયનેમો જોવા મળ્યો ન હતો. તપાસ કરતાં સ્થળ પરથી નટ-બોલ્ટ, MCB અને વોલ્ટ મીટર તૂટેલી હાલતમાં મળી આવ્યા હતા. અંતે ઉમેશભાઈએ બારડોલી રૂરલ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખરોડ નજીક હાઈવે પર સોલિડ વેસ્ટ પડતાં વાહન ચાલકો લપસ્યા

અંકલેશ્વર: